# Be the BEST

BAPS Presentation

Day-06 | 12 June, 2020



BAPS


## Satsang



**'આરતીની આદર્શ રીત'**

સવાર સાંજ કરીએ આરતી,
ગોળ ગોળ ફરતી ફરતી...
પણ બાળભક્તો,
શીખીએ તેની આદર્શ રીત.
એના માટે કરો ક્લિક....

Click Here




## Study Technique

9x1=9 ✔ 😄
9x2=28 ❌ 😭
યાદ નથી રહેતું મગજમાં ? 🧠
Shhhh... 🤫
ક્લિક કરો... 👉
યાદ રહી જશે ચુટકીમાં 👍

Click Here

## Skill

**બાળભક્તો, શું પુછું એક સવાલ?**
**કરવી છે કોઈ કમાલ ?**
**ચાલો...**
**Are you ready..?**
**સ્વામીબાપાએ આપણને આપી**
**skills wonderful....**
**ઘર બેઠા અર્પણ કરીએ,**
**એક Creative ફૂલ....**

Click Here



# Bhaktimay Origami




## Fun

**બાળમિત્રો,**
**હવે એક સરસ**
**મજાની રમત**
**રમીએ...**
**લીંક દબાવો**
**અને શીખો...**

Click Here

# My Guru, My Life

માનો કે આપ વિમાનમાં મુસાફરી કરી રહ્યા છો.
Window seat મળ્યા બાદ આપ શું કરશો ?

અ. બહારનું રમણીય દ્રશ્ય જોઈશું
બ. બહારના દ્રશ્યનો ફોટો પાડીશું
ક. સેલ્ફી લઈશું
ડ. પોતાનું સ્ટેટ્સ અપડેટ કરીશું

હા, લૌકિક રીતે, આમાંથી કોઈ એકાદ ક્રિયા આપણે અવશ્ય કરીશું.
પરંતુ આવા સમયે આપણા અલૌકિક ગુરુ પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ શું કરે છે ?



ઓહોહો, કેવી પરાભક્તિ !
વિમાનમાં બેસ્યા પછી સ્વામીશ્રી ઠાકોરજીને બહારના દ્રશ્ય જોવા માટે આગળ કરે છે,
કારણકે તેઓ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને ફક્ત એક
પંચધાતુની મૂર્તિ નહિ પરંતુ સાક્ષાત્ ભગવાન માને છે!!!
ચાલો, સ્વામીશ્રીની આવી પરાભક્તિનાં વિશેષ દર્શન આ વીડિયોમાં કરીએ અને
આપણે પણ સ્વામીબાપાના આ પરાભક્તિના ગુણને આપણા જીવનમાં ઉતારીએ...।

Click Here

Be The Best

“General Knowledge”

# આવ રે વરસાદ...!

બાળમિત્રો ! ચોમાસાની મસ્ત મજાની સીઝન ચાલુ થઈ ગઈ છે. રીમઝીમ વરસાદમાં પલળવાની અને પાણીમાં છબછબિયાં કરવાની તમને ખૂબ મજા આવતી હશે ખરું ને...! તો ચાલો, ચોમાસા વિશે કેટલીક અવનવી જાણકારી મેળવીએ.

## ■ કરાનો વરસાદ

**૧.** કરા ઘણી વાર એટલા ખતરનાક બની જાય છે કે પાક અને સંપત્તિને નુકસાન કરવાની સાથે સાથે સેંકડો માણસોના જાન પણ લઈ શકે છે. ૩૦ એપ્રિલ, ૧૯૮૮ માં મુરાદાબાદ(ઉત્તર પ્રદેશ)માં ૨૪૬ માણસોએ કરાના વરસાદમાં જાન ગુમાવ્યા હતા. **૨.** આ પ્રકારના કરાનો વ્યાસ ૩ થી ૪ ઈંચનો હોય છે. અને ક્યારેક વજન એક પાઉન્ડ (૪૫૦ ગ્રામ) જેટલું થઈ જાય છે. ૯ માર્ચ ૧૯૭૦માં ફાફીયેવીલ, કેન્સાસ(અમેરિકા)માં ૧.૬૭ પાઉન્ડ વજન અને ૭.૫ વ્યાસનો કરો પડ્યો હતો.

## ■ પ્રાણીઓનો વરસાદ !

### ૧. માછલાંનો વરસાદ !

સિંગાપોર (૨૨ ફેબ્રુઆરી, ૧૯૬૧), ઓન્લેવિલે, ર્હોડ આઇસલેન્ડ (૧૫ મે , ૧૯૦૦), માર્કસવિલે, લુસિઆના (૨૩ ઓક્ટોબર, ૧૯૪૭), ભાંડવાડ, જામનગર (૨૪ ઓકટોબર, ૨૦૦૯), લાજમાનુ, નોર્ધન ટેરીટોરી, ઓસ્ટ્રેલિયા (૨૫, ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૦)


### ૨. દેડકાંનો વરસાદ !

ઇસિકાવા પ્રેફેક્ચર, જાપાન (૧૯ જુલાઈ, ૨૦૦૯)

રેકોક્ઝીફલ્વા, હંગેરી ( ૧૮-૨૦ જુલાઈ, ૨૦૧૦)

### ૩. અન્ય પ્રાણીઓનો વરસાદ !

- જેલીફીશ - બાથ, ઇંગ્લેન્ડ (૧૩ સપ્ટેમ્બર, ૧૮૯૪)
- અળસિયાં - જેનીંગ્સ, લુસિયાના (૧૧ જુલાઇ, ૨૦૦૭)
- કરોળિયા - સાલ્ટા પ્રોવિન્સ, આર્જેન્ટિના (૬ એપ્રિલ, ૨૦૦૭)
- તાજેતરમાં ૧ લી એપ્રિલ ૨૦૧૧ ના રોજ સ્કોટીશ



સ્કૂલના બાળકો પર મેદાનમાં રમતાં આકાશમાંથી અળસિયાં પડ્યાં હતાં !

- કેલિફોર્નિયામાં ૧ ઓગસ્ટ ૧૮૬૯માં ઓળખી ન શકાય તેવા નાના જીવો વરસાદરૂપે પડ્યા હતા.

## ■ પ્રાણીઓનો વરસાદ કેમ થાય છે ?

ઘણીવાર ચક્રવાત(સાયક્લોન)ને લીધે જુદાં-જુદાં પ્રાણીઓ અને વસ્તુઓ આકાશ સુધી પહોંચે છે. જે વરસાદરૂપે વરસે છે.

## ■ સૌથી વધુ અને ઓછો વરસાદ ધરાવતા પ્રદેશો

- ચેરાપુંજી, આસામ
  (સરેરાશ વાર્ષિક ૪૫૦ ઈંચ)
- મોસિનરમ, મેઘાલય
  (સરેરાશ વાર્ષિક ૪૬૭ ઇંચ)
- સાઉથ અરેબિયા, જેદાહ
  (વાર્ષિક ૫૭ મી.મી.)
- રિયાધ, સાઉદી અરેબિયા
  (સરેરાશ વાર્ષિક ૧૭૫ મી.મી.)

## ■ ખૂલ જા સિમસિમ...છત્રીની વિકાસયાત્રા

**૧.** છત્રી આશરે ૩,૦૦૦ વર્ષ પહેલાં શોધાઈ હોવાનું મનાય છે. છત્રીઓ પૌરાણિક સમયમાં તો રાજા-મહારાજ અને વરરાજાઓ માટે શાહી ઠાઠ અને વૈભવનું સાધન ગણાતી. ભારતમાં છત્રી બનાવવાની શરૂઆત ઈ.સ. ૧૯૦૩માં મુંબઈ ખાતે થઈ. **૨.** જાપાન અને ઈન્ડોનેશિયામાં વાંસમાંથી પંખા આકારની ફોલ્ડિંગ છત્રી ફેશન માટે વપરાય છે. **૩.** છત્રીને અંગ્રેજી ભાષામાં 'અંબ્રેલા' કહેવામાં આવે છે. લેટિન ભાષાનો 'અંબા' સાથે 'લા' લગાવાયો છે. 'અંબા' એટલે 'છાયા' ખરેખર છત્રી નીચે છાંયો મળે છે.

## ■ વીજળીના ચમકારા

**૧.** સહેલાઈથી દેખાતી આ વીજળીની લાઇનની લંબાઇ પહાડી ક્ષેત્રોમાં ૩૦૦ ફૂટથી ઓછી હોય છે. કારણ કે ત્યાં વાદળો નીચે હોય છે. સપાટ ક્ષેત્રોમાં આ લંબાઈ ૪ માઈલ અને ઘણી વખતે તો ૨૦ માઈલ પહોંચી જાય છે. આ ચમકારના મુખ્યકેન્દ્રનો વ્યાસ અડધો ઈંચથી થોડોક વધારે હોય છે. વીજળી ચમકવાની ગતિ દર સેકંડે ૧૦૦ થી ૧૦૦૦ માઈલ હોય છે. **૨.** વીજળી પડવાથી હજી સુધી કેટલા લોકોનું મરણ થઈ ગયું છે, એ તો ન કહી શકાય, પણ અમેરિકાનાં પાર્ક રેંજર રોય 'ડ્રક્સ' સી. સુલીવન સાથે એક આશ્ચર્યજનક ઘટના થઈ. તેના પર વીજળી પડી, ત્યારે તેને કાંઈ ન થયું. પરંતુ ૧૯૪૨માં એના પગના અંગૂઠાના નખ ઊખડી ગયા. જુલાઈ ૧૯૬૯માં આંખનાં પોપચાંના વાળ ઊખડ્યા. બીજે વર્ષે ડાબો ખભો દાઝી ગયો અને ચોથા પ્રહારમાં ૧૬ એપ્રિલ ૧૯૭૨માં એના માથાના વાળ બળી ગયા. વિચિત્ર વાત એ છે કે છતાં એ આજ સુધી જીવે છે.

## ■ પાણી વેડફનારા સાવધાન !

**૧.** વિશ્વબેંકના સર્વે પ્રમાણે દુનિયાની વસ્તીના છઠ્ઠા ભાગના લોકો નિર્જળ વિસ્તારમાં રહે છે. વિશ્વના અનેક દેશો આજે જલસંકટનો ભોગ બન્યા છે. **૨.** આ હકીકત છે કે પૃથ્વી પરના પાણીમાં ૯૭% પાણી સમુદ્રોમાં ખારા પાણી રૂપે અને ધ્રુવપ્રદેશોમાં બરફરૂપે રહેલું છે. જે મનુષ્ય માટે બિનઉપયોગી છે. માત્ર ૩% પાણી જ પીવાલાયક છે. **૩.** જે ઝડપથી પાણીના સ્ત્રોતો સુકાઈ રહ્યા છે. તેના પરથી અનુમાન કરવામાં આવ્યું છે કે સને ૨૦૨૫ સુધીમાં દુનિયાના બે અબજ લોકો પાણીની ખોટ અનુભવશે.

# "Memories"



















**Friends,** આપને ખૂબ જ આનંદ થશે કે...
**"Be the Best"** ની બધી **activity** દેશ-વિદેશમાં
રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યાં છે...
તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલાં
ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...
નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.

**Click here**

**Be The Best**

# આપનો ડૉક્ટર મિત્ર





દર ૨૦ મિનિટે
સાબુથી ઘસીને હાથ
ધોઈ નાંખશો.



ઉધરસ/છીંક
આવે તો રૂમાલ
રાખીને ખાશો.



બહાર જાવ
ત્યારે માસ્ક
હમેંશા પહેરશો.



ઘરની બહાર
નીકળવું નહિ.



આંખ, મોઢું, નાકને
સ્પર્શ કરવાનું ટાળો.



ઘરમાં એકબીજા
સભ્યોથી દૂર રહો.

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. **( 9998999209)**

Click here

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

BAPS
પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ

Be The Best